## સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૪/૦૪/૨૦૧૭ થી તા.30/૦૪/૨૦૧૭

## પ્રેસનોટ

**અપ ટુ ડેટ કપડા પહેરી સરકારી અધિકારી તરીકેની ઓળખ આપી આધેડ વયની નોકરીયાત મહિલાઓને ટાર્ગેટ બનાવી પરીચય કેળવી વાતોમાં ભોળવી યેનકેન પ્રકારે પૈસા/સોનાના દાગીના મેળવી ગુન્હા આચરતો હોમગાર્ડના જવાનને ઝડપિ પાડતી એલ.સી.બી અમદાવાદ ગ્રામ્ય**

બાવળા ખાતેની યોગેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા ફરીયાદિશ્રી ચંન્દ્રકાંતભાઇ રમુભાઇ મકવાણા (કો.પટેલ) નાઓની દિકરી મીનાબેનને પોલીસ કોન્સટેબલની પરીક્ષા હોઇ પોતાની પત્નિ હંસાબેન એમ બન્ને જણા દિકરી સાથે વાલી તરીકે ગઇ તા.૨૩/૧૦/૧૬ ના રોજ ચકલાસી તા મહેમદાવાદ ખાતેની સરસ્વતિ સ્કુલમાં પોલીસ ની પરીક્ષા અપાવવા માટે સાથે ગયેલા ત્યાં એક અજાણ્યો માણસ કે જેને પોતાની આળખણ આર.કે ચુડાસમા પો.ઇન્સ. શીવરજની પોલીસ સ્ટેશન તરીકેની ઓપેલ અને પોતાના દિકરાની પરીક્ષા હોઇ સાથે આવેલ છુ તેમ કહી વાતોચીતો કરેલી આ દરમ્યાન શ્રીનંદ ટેનામેન્ટ, જોધપુર, સેટેલાઇટ રહેતો હોવાનુ જણાવી સરનામુ આપેલ અને ફરીયાદિશ્રી પાસેથી બાવળાનુ સરનામુ મેળવી મોબાઇલ ફોનની આપ-લે કરી અવાર નવાર ફોન કરી વિશ્ર્વાસ કેળવવા પોતાના ઘરે અમદાવાદ ખાતે ચ્હા પાણી કરવા ફરીયાદિશ્રીને આંમત્રણ આપેલ અને ગઇ તા.૦૬/03/૧૭ નારોજ આર.કે ચુડાસમા નામધારી બનાવટી પોલીસ ઇન્સપેક્ટર બાવળા ખાતે ફરીયાદિશ્રી ચંન્દ્રકાંતભાઇ ના ઘરે ગયેલો અને ચ્હા-પાણી કરી આશરે અડધો કલાક રોકાયેલો આ દરમ્યાન ફરીયાદિશ્રી બીજા દિવસે બહાર જવાના હોવાનુ વાતોવાતમાં જાણી લિધેલ અને તા.૦૭/03/૧૭ ના રોજ ફરીયાદિશ્રી ઘરે હાજર ન હતા અને ફરીયાદિશ્રીના દિકરાની પત્નિ ઘરે હાજર હતા તેવા સમયે આ નકલી પોલીસ ઇન્સ્પેક્ટર ફરીયાદીશ્રી ના ઘરે જઇ ભાઇ સાથે વાત થયેલ છે. તમને વિશ્ર્વાસ ન હોય તો વાત કરી લો તેમ કહી વાતોમાં ભોળવી ફરીયાદી શ્રીના દિકરાની પત્નિ સાહેદ રીકુબેન પાસેથી લગ્નમાં પહેરવાના

બાહના હેઠળ સોનાનો હાર તથા સોનાની પાટી મળી કુલ રૂ.૧,૯૧,૦૦૦/-ના દાગીના ના ચીટીગ સંબધે આર.કે ચુડાસમા નામધારી બનાવટી પોલીસ ઇન્સપેક્ટર વિરૂધ્ધ બાવળા પો.સ્ટે. ખાતે ગુન્હો નોધાયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ પો.ઇન્સ. શ્રી એલ.સી.બી. નાઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે પોલીસ ઇન્સપેકટર શ્રી.જે.એમ. ચુડાસમા, પો.સ.ઇ.શ્રી આઇ.એમ.ઝાલા અને એલ.સી.બી. ટીમે બનાવવાળી જગ્યાની વિઝીટ કરી ફરીયાદિ/સાહેદશ્રીએ આપેલ વર્ણન અને ઇલેક્ટોનિક સર્વેલન્સ થકી ગુન્હાનો ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કરેલ તેના ભાગરૂપે મો.નં.ની કોલ ડિલેઇલ્સ મેળવતા ૧૬થી વધુ અલગ અલગ નામ/સરનામા વાળા સીમનંબરનો ઉપયોગ થયેલાની હકિકત સામે આવેલ જે તમામ સીમ એડ્રેસ તપાસ દરમ્યાન અન્યના નામે રજીસ્ટર થયેલાનુ જાણવા મળતા તમામ મો. નંબરોની કોલ્સ ડિટેઇલ્સની મુવમેન્ટ અન્વયે સ્થાનિક ઇસમની સંડોવણીના અનુમાન સાથે ચોકકસ દીશામાં ધ્યાન કેન્દ્રીત કરી તપાસ હાથ ધરેલ તેના ફળસ્વરૂપે ચોકક્સ બાતમી આધારે સનાથલ સર્કલ નજીક વોચ ગોઠવી ભારે જહેમતથી એક ઇસમને રૂ. ૧,૩૨,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ

## <u>રૂ.૧,૩૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે નકલી પોલીસ ઝડપાયો</u>

**(૧) નંદુભાઇ ડાહ્યાભાઇ વાંળદ ઉ.વ. ૫૭ રહે. ૬૭૧/ સોનીનો ખાચો, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલુપુર, અમદાવાદ મૂળ ગામ બારેજા તા. દશક્રોઇ જી.અમદાવાદ**

**ઉકત ઇસમ પાસેથી સોનાની રણી-૨ વજન ૬૬/૭૯૦ ગ્રામ કિ.રૂ. ૧,૩૨,૦૦૦/- મળી આવેલ તે સંબધે પૂછપરછ કરતા કોઇ સંતોષકાર જવાબ આપેલ નહિ કે તેના માલીકી પૂરાવા રજુ કરી શકેલ નહિ જેથી અટકાયત કરી ઘનિષ્ઠ પૂછપરછમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન ૧૦૦ થી વધુ ગુન્હા આચરેલાની કેફીયત આપેલ**

## <u>૧૦૦થી વધુ ગુન્હાનો ભેદ ઉકેલાયો</u>

**આરોપીની ઘનિષ્ઠ પૂછપરછમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન અમદાવાદ શહેર,અમદાવાદ ગ્રામ્ય, આંણદ, નડીયાદ/ ખેડા ખાતે**

૧૦૦ થી વધુ ગુન્હા આચરેલાની કેફિયત આપેલ જે પૈકી અત્રેના જીલ્લાના બાવળા-૧, સાંણદ-૧, વીવેકાનંદ નગર-૧, તથા અમદાવાદ શહેરના મણીનગર-૧, નારણપુરા-૧, કૃષ્ણનગર મળી કુલ- ૦૬ ગુન્હા રજી થયેલાની હકિકત હાલ સુધિ જાણવા મળેલ છે અને હજુ આ આંકડો વધે તેમ છે.

## સોનાની રણી નંગ-૪ કુલ રૂ.૨,૭૧,૫૪૯ /-નો મુદ્દામાલ રીકવર

આરોપીએ ગુન્હાને અંજામ આપી સોનાના દાગીનાની રણી બનાવી અમદાવાદ શહેર ખાતે સોનીને વેચેલાની કબૂલાત અન્વયે સોનાની રણી નગ- ૩, વજન ૬૩/૦૭૦ કી.રૂ. ૧,૩૯,૫૪૦/- નો વધુ મુદામાલ રીકવરી કરતા હાલ સુધિ કુલ- વજન ૧૨૯/૮૬૦ ગ્રામ કી.રૂ. ૨,૭૧,૫૪૯/-ની કિમતની રણી નંગ- ૪ રીકવર કરવામાં આવેલ છે.

## આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ

આરોપી સને.૧૯૯૬માં હોમગાર્ડ તરીકે અમદાવાદ શહેર ખાતે જોડાયેલ અને આશરે દોઢેક વર્ષ પહેલા રૂ.30,000/-ના ચીટીગના ગુન્હામાં અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે.

## ગુન્હો કરવાની પધ્ધતિ

આરોપી અમદાવાદ શહેર ખાતે હોમગાર્ડમાં ફરજ બજાવે છે. અને શટલીયા રીક્ષા, એમ.ટી.એસ., રેલ્વેમાં અપ-ડાઉન કરતી નોકરીયાત આધેડ વયની મહિલાઓ સાથે અપ્ટુડેટ કપડામાં મુસાફરી કરી,મુસાફરી દરમ્યાન પોતાની વાક-પટુતા થી વાતો વાતોમાં ભોળવી ટાર્ગેટ શિકારનો પ્રશ્ન જાણી લઇ, ટાર્ગેટ શિકારના પ્રશ્ન લગત સરકારી વિભાગના અધિકારી તરીકેની ઓળખ આપી પ્રશ્ન સોલ્વ કરી આપીશ તેમ કહિ મિત્રતા કેળવી મોબાઇલ નંબરની આપ-લે કરી વિશ્ર્વાસમાં લઇ પૈસા/ સોનાના દાગીના યેનકેન પ્રકારે મેળવી ગુન્હાને અંજામ આપી મોબાઇલ નંબર બદલી નાખતો

મહિલાઓ જલ્દિથી ભોળવાઇ જતિ હોઇ અને પોતાનો પરીવાર વિખેરાઇ ન જાય તે હેતુસર ફરીયાદ કરવાનુ ટાળતિ હોવાથી આધેડ વયની મહીલાઓને ટાર્ગેટ બનાવી ગુન્હાને અંજામ આપતો

અત્રે નોધનિય છે કે આરોપી હોમગાર્ડમાં ફરજ બજાવતો હોઇ મો.ફોન ટ્રેક થઇ શકે તેવી જાણકારી હોવાથી પોતાના નામ/સરનામાવાળા સિમકાર્ડનો ઉપયોગ કરતો ન હતો તેમજ ગુન્હાને અંજામ આપી મો.નંબર બદલી કાઢતો હતો

આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી ધ્વારા વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ